# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૩ તા.૨૯-૧૨-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- આગામી ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓની જાનહાનિ તથા પર્યાવરણની જાગૃતિ અંગેની સી.ડી. દર્શાવવા બાબત.

સંદર્ભઃ- ૧. નેશનલ બોર્ડ મેમ્બરશ્રી, એનિમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડિયા (ભારત સરકાર) તા. ૨૬-૧૦-૨૦૧૬નો પત્ર

૨. એચ.બી/ઉત્તરાયણ/પક્ષી બચાઓ અભિયાન / વશી. ૧૭૨૬/ ૧૭૩૧/ ૨૦૧૬, તા.૧૪-૧૨-૧૬, જીલ્લા કલેકટર કચેરી, અમદાવાદનો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આગામી મકરસંક્રાંતી-ઉત્તરાયણ પર્વ દરમ્યાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ઉપયોગના કારણે પક્ષીઓની જાનહાનિ થતી અટકાવવા તથા પર્યાવરણની જાગૃતિ અંગેની સી.ડી. નીચે જણાવેલ વ્યક્તિશ્રીનો સંપર્ક કરી તે અંગે ઉપલબ્ધ સંખ્યામાં સી.ડી. મેળવી બાળકો સમક્ષ પ્રદર્શિત કરી વધુમાંવધુ જાગૃતિ કેળવાય તેમજ તે અગેનું સાહિત્ય મેળવી બાળકોમાં વિતરણ કરાવી બહોળી પ્રસિધ્ધિ કરાવવા જણાવવામાં આવે છે. તેમજ પર્વ દરમિયાન કોઈ પક્ષીને ઈજા થાયતો મદદ માટે જણાવેલ ફોન કે રૂબરુ સંપર્ક કરવાનો રહેશે.

સંપર્કઃ- શ્રી ડૉ. રસિકભાઈ એન. પટેલ (મોઃ- ૯૮૭૯૦ ૩૫૩૬૮)
સભ્યશ્રી, અમદાવાદ જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી, અમદાવાદ

તા.૨૯-૧૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# પક્ષી બચાવો અભિયાન

આથી અમદાવાદ વિસ્તારની પક્ષી પ્રેમી જનતાને જણાવવાનું કે ઉત્તરાયણનો તહેવાર સર્વે હર્ષો ઉલ્લાસથી ઉજવીએ છીએ, પરંતુ આ દિવસોમાં કપાયેલી પતંગની દોરી સાથે અથડાઈને ઘણા પક્ષીઓ ઇજાગ્રસ્ત થાય છે. આ પક્ષીઓને બચાવવા એ આપણી ફરજ છે. જેથી વન વિભાગ તેમજ સ્વૈચ્છિક સંસ્થાો દ્વારા જીવદયા અભિયાનનું આયોજન કરેલ છે. આ વર્ષે આ ઘવાયેલા પક્ષીઓની સારવાર કરવા શહેરમાં નીચે દર્શાવ્યા પ્રમાણેના રેસક્યુ સેન્ટર્સ સ્થાપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| વન વિભાગ હેલ્પ લાઇન | અમદાવાદ | ૭૬૦૦૦૦૯૮૪૫-૪૬ |
| ગીતાબેન રાંભીયા ટ્રસ્ટ | માણેકચોક | ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭ |
| નમો નમઃ પરિવાર | અમદાવાદ (સમગ્ર) | ૯૪૨૯૪૧૦૧૦૧, ૯૪૨૯૪૧૦૧૦૮<br>૯૮૯૮૩૦૨૫૨૫, ૯૮૯૮૪૦૨૫૨૫ |
| સંજીવની ગ્રુપ | ઘી કાંટા | ૯૪૨૯૬૦૦૧૦૮ |
| સર્વધર્મ રક્ષક સેવા ટ્રસ્ટ | ઉસ્માનપુરા | ૯૩૭૬૧૪૪૫૫૯, ૯૭૨૫૦૦૩૧૨૨ |
| બિન્દુ ગ્રુપ ઓફ ગુજરાત | સાબરમતી | ૯૯૨૪૭૪૮૨૦૯, ૮૫૧૧૦૦૨૪૧૦ |
| સજાગ | પાલડી | ૯૨૨૮૨૫૭૦૦૪, ૮૧૪૧૫૬૫૬૦૬<br>૭૮૭૮૧૭૧૭૨૭ |
| માનવતા સેવા ટ્રસ્ટ | શાહપુર | ૯૩૭૫૪૫૪૩૩૩ , 9376048771 |
| અગમ ફાઉન્ડેશન | બાપુનગર | ૯૮૭૯૭૯૦૧૧૦ |
| ગન રાઈડર ક્લબ | જીવરાજપાર્ક | ૯૮૭૯૫૧૧૭૮૭ |
| વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ | વાડજ | ૯૮૯૮૮૨૮૬૦૯, ૮૪૦૧૦૧૦૨૦૧ |

આપના વિસ્તારમાં પક્ષીઓ ઘવાઈને પડે તેને નજીકના ઉપર જણાવેલ રેસ્કયુ સેન્ટરનો સંપર્ક કરવો અને જો શકય બને તો કાણાવાળા પૂંઠાના બોક્ષમાં કે પ્લાસ્ટીકના બાસ્કેટમાં રાખી રેસ્કયુ સેન્ટરમાં પહોંચાડવા વિનંતી.

## પક્ષી બચાવવા નીચેના સૂચનો સ્વીકારવા વિનંતી

- ઘાયલ પક્ષીને પાણી તેમજ કોઈપણ જાતનો ખોરાક આપશો નહીં.
- પક્ષીનાં ઘા પર દવા કે કોઈપણ જાતનોપાવડર લગાવશો નહીં.
- મોર, સમડી, ગીધ જેવા ભયગ્રસ્ત પક્ષીઓનો બચાવ સ્વંયસેવકો દ્વારા થાય તે જરૂરી છે.
- આ સિઝન પક્ષીઓના માળા બનાવવાની અને બચ્ચા ઉછેરવાની છે. આ બચ્ચાને અનાથ થતાં બચાવીએ.
- પતંગ ચગાવવામાં પ્લાસ્ટીક કે ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહીં.
- સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ વાગ્યાના સમયે પક્ષીઓ વધારે પ્રમાણમાં ઉડતા હોવાથી આ સમયમાં પતંગ ના ચગાવીએ તો ઘણા પક્ષીઓ ઘાયલ થતા બચી જશે.
- દોરીનાં ગૂંચળા ગમે ત્યાં ન ફેંકશો. આજુબાજુના ઝાડ કે અન્ય સ્થળે લટકતી દોરીને તાત્કાલીક ઉતારી લેશો.
- આ કેન્દ્રો તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી સુધી સવારના ૮ થી સાંજના ૬ સુધી કાર્યરત રહેશે.

S. R. Singh

# પક્ષી બચાવો અભિયાન

આથી અમદાવાદ વિસ્તારની પક્ષી પ્રેમી જનતાને જણાવવાનું કે ઉતરાયણનો તહેવાર સર્વે હર્ષો ઉલ્લાસથી ઉજવીએ છીએ, પરંતુ આ દિવસોમાં પતંગની દોરીથી ઘણા પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય છે. આ પક્ષીઓને બચાવવા એ આપણી ફરજ છે. જેથી વન વિભાગ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જીવદયા અભિયાનનું આયોજન કરેલ છે. આપના વિસ્તારમાં પક્ષી ઘવાયને જરૂરે તો નજીકના નીચે જણાવેલ સેન્ટરનો હેલ્પલાઈન નંબરનો સંપર્ક કરવો, અને જો શક્ય બને તો કાણાવાળા પુંઠાના બોક્ષમાં કે પ્લાસ્ટીકની બાસ્કેટમાં રાખી નીચે દર્શાવેલ સેન્ટરમાં પહોંચાડવા વિનંતી.

| | | |
|---|---|---|
| બોડકદેવ | વન વિભાગ હેલ્પ લાઈન | ૭૬૦૦૦૦૯૮૪૫-૪૬ |
| મેમનગર | ચંદ્રેશ પટેલ (એડવોકેટ) | ૯૪૨૬૫૧૬૧૧૧ |
| અમદાવાદ (સમગ્ર) | નમો નમઃ પરિવાર | ૯૪૨૯૪૧૦૧૦૧, ૯૪૨૯૪૧૦૧૦૮, ૯૮૯૮૩૦૨૫૨૫ |
| ઘી કાંટા | સંજીવની ગ્રૂપ | ૯૪૨૯૬૦૦૧૦૮ |
| માણેક ચોક | ગીતાબેન રાંભીયા ટ્રસ્ટ | ૨૨૧૪૧૧૯૭, ૯૨૨૭૮૮૭૮૧૦ |
| ઉસ્માનપુરા-નવરંગપુરા | સર્વધર્મ રક્ષક સેવા ટ્રસ્ટ | ૯૩૭૬૧૪૪૫૫૯, ૯૭૨૫૦૦૩૧૨૨ |
| આંબાવાડી | જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ | ૯૯૨૪૪૧૮૧૮૪, ૯૭૧૪૮૮૩૮૩૮ |
| બાપુનગર | પારેવડા ગૃપ | ૭૦૪૧૪૭૩૭૮૯, ૭૦૪૧૩૭૩૬૮૭ |
| શાહીબાગ | સંવેદના ફાઉન્ડેશન | ૯૩૨૭૬૩૦૧૭૦, ૯૩૨૮૫૦૧૦૦૮ |
| દરિયાપુર | નાથ બાવા ગ્રૂપ | ૮૪૦૧૯૪૮૫૬૦, ૯૬૮૭૪૧૭૯૭૫ |
| ઘી કાંટા | એનિમલ લાઈફ કેર | ૯૯૭૪૨૩૦૦૧૦ |
| વેજલપુર | સારસ નેચર ક્લબ | ૯૪૨૬૪૦૮૨૨૫ |
| ઘાટલોડિયા | ગોલ ફાઉન્ડેશન | ૮૦૦૦૦૦૧૫૦૦-૧૬૦૦ |
| જીવરાજ પાર્ક | ગન રાઈડર કલબ | ૯૮૭૯૫૧૧૭૮૭ |
| નારણપુરા | પ્રણામ ગ્રૂપ | ૯૭૨૩૨૬૬૧૦૮ |
| સાબરમતી-ચાંદલોડિયા | વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ | ૯૮૯૮૮૨૮૬૦૯, ૮૫૧૧૦૦૨૪૧૦ |

આ કેન્દ્રો તા.૧૧ થી ૧૭ જાન્યુઆરી સુધી સવારના ૮ થી સાંજના ૬ સુધી કાર્યરત રહેશે.

## પક્ષી બચાવવા નીચેના સૂચનો સ્વીકારવા વિનંતી

- સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ વાગ્યાના સમયે પક્ષીઓ વધારે પ્રમાણમાં ઉડતા હોવાથી આ સમયમાં પતંગ ના ચગાવીએ તો ઘણા પક્ષીઓ ઘાયલ થતા બચી જશે.
- ઘાયલ પક્ષીને પાણી તેમજ કોઈપણ જાતનો ખોરાક આપશો નહીં કે તેની ઉપર પાણી રેડશો નહીં.
- મોર, સમડી, ગીધ જેવા ભયગ્રસ્ત પક્ષીઓનો બચાવ સ્વંયસેવકો દ્વારા થાય તે જરૂરી છે.
- આ સિઝન પક્ષીઓના માળા બનાવવાની અને બચ્ચા ઉછેરવાની છે. આ બચ્ચાને અનાથ થતાં બચાવીએ.
- પતંગ ચગાવવામાં પ્લાસ્ટિક કે ચાઈનીઝ દોરીઓનો ઉપયોગ કરવો નહીં. દોરીના ગુંચડા ગમે ત્યાં ન ફેંકશો. આજુબાજુના ઝાડ કે અન્ય સ્થળે લટકતી દોરીને તાત્કાલિક ઉતારી લેશો.